## MSUની ઓરિએન્ટલ ઈન્સ્ટિટયૂટ દ્વારા આદિગુરુ શ્રી શંકરાચાર્ય જયંતીની પૂર્વ સંધ્યાએ વ્યાખ્યાન યોજાયું

# વેદોની રક્ષા માટે શંકરાચાર્યએ કાર્યો કર્યાં હતા : પ્રો.હરેકૃષ્ણ

**સંદેશ**

એમ.એસ.યુનિવર્સિટીની ઓરિએન્ટલ ઈન્સ્ટિટયૂટ દ્વારા ગત તા.૫ મેંના રોજ શ્રી શંકરાચાર્યની જયંતિની પૂર્વ સંધ્યાએ વ્યાખ્યાયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. પંડિત કે.એસ.રામસ્વામીના શાસ્ત્રીના સંસ્મરણમાં યોજાયેલાં વ્યાખ્યાયાનમાં કેન્દ્રીય સંસ્કૃત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ પ્રો.હરેકૃષ્ણ શતપથિએ ' આદિશંકરાચાર્યનું સનાતન ધર્મના ઉત્થાન માટેનું યોગદાન' વિષય પર પ્રકાશ પાડ્યો હતો.

તેમણે કહ્યું હતું કે, આદિગુરુ શંકરાચાર્યનો જન્મ ૨૫૦૦ વર્ષ પૂર્વે કેરલના કાલડી ગામમાં થયો હતો. આપણાં વેદોમાં કહેલાં વિધિ-વિધાન વગેરેની અન્ય ધર્માચાર્યો દ્વારા આલોચના થવા લાગી ત્યારે વદોની રક્ષા, સનાતન ધર્મની રક્ષા માટે તેમણે મહત્વપૂર્ણ કાર્યો કર્યા હતા. સૌ પ્રથમ તેમણે વેદજ્ઞાનના પ્રચાર-પ્રસારનું કાર્ય કર્યું હતું. તેમણે કહ્યું હતું કે, વેદ એટલે જ્ઞાન અને જ્ઞાન વિના ધર્મની રક્ષા સંભવ નથી. તેમણે ભારતની ચાર દિશામાં બદ્રીનાથ, દ્વારકા, શૃંગેરી અને જગન્નાથપુરીમાં મઠોની સ્થાપ્ના કરી હતી. તેમણે વેદોના નિત્ય અઘયયન પર ભાર મૂક્યો હતો.તેમણે ૩૦૦ જેટલાં ગ્રંથો લખીને સનાતન ધર્મની રક્ષા માટે જ્ઞાન ભંડાર બનાવી આપ્યો હતો. આ વ્યાખ્યાયનમાં દુબઈથી પંડિત રામસ્વામીના પૌત્ર શ્રી વેંકટરમણ પણ જોડાયા હતા. તે સિવાય યુનિવર્સિટીના વિવિધ લોકો પણ જોડાયાં હતા.